# ગાંધીનગરમાં ૧૦મા એગ્રી એશિયા એક્ઝિબિશનનો પ્રારંભ

## ૨૨૫ થી વધુ કંપનીઓ - ૪ જેટલી વિદેશી સ્ટાર્ટઅપની સહભાગીતા








ગાંધીનગર, તા. ૧૦
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૦માં એગ્રી એશિયા એક્ઝીબિશનનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે પરંપરાગત ખેતીના અનુભવ જ્ઞાન અને આધુનિક વૈજ્ઞાનિક અભિગમના સમન્વયથી કૃષિ પાકોમાં વૈવિધ્ય અને ઉત્પાદનમાં વૃદ્ધિની સફળતા કૃષિકારોને મળશે.

આ સંદર્ભમાં ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરી ધરતીપુત્રોને પ્રગતિના પંથે લઈ જવાની નેમ રાખી છે.

આ નેમને સાકાર કરવા વેલ્યુએડિશન અને ટેકનોલોજીનો સમયોચિત ઉપયોગ તથા કિસાન હિતકારી નીતિઓ-પોલીસીઝ દ્વારા ધરતીપુત્રોને આર્થિક સક્ષમતા આપવાના આયોજનો થયા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૦માં એગ્રી એશિયા એક્ઝીબિશનમાં સહભાગી બનેલી ૨૨૫ થી વધુ કંપનીઓ અને ૪ જેટલી વિદેશી સ્ટાર્ટઅપ કંપનીઓ આ પ્રદર્શની દ્વારા ખેડૂતોની આવક બમણી કરવા માર્ગદર્શક બનશે, તેમ પણ ઉમેર્યુ હતું.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલબિહારી બાજપેયીજીએ જય જવાન, જય કિસાન સાથે જય વિજ્ઞાન સૂત્ર આપીને કૃષિ ક્ષેત્રે પણ વિજ્ઞાનને પ્રેરિત કર્યુ હતું.

આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈએ કૃષિ વિકાસનું વિચાર બીજ ગુજરાતમાં કૃષિ મહોત્સવોની સફળ શૃંખલા યોજીને આપ્યું અને ખેડૂતના ખેતર સુધી કૃષિ વિકાસ પહોચાડયો એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ કૃષિપ્રધાન ભારત દેશને આત્મનિર્ભર ભારત બનાવવાના વડાપ્રધાનના સંકલ્પમાં આત્મનિર્ભર ગુજરાતથી જોડાવા ગુજરાતે કૃષિ, પશુપાલન, દૂધ ઉત્પાદન સહિતના ક્ષેત્રોમાં હોલિસ્ટીક એપ્રોચ સાથે આયોજનો કર્યા છે તેની પણ ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે ખેતીમાં ટેકનોલોજીનો સમયાનુકુલ ઉપયોગ આપણે કર્યો છે.

હવે, આધુનિકતા સાથે પ્રાચીન પરંપરાનો સંગમ કરીને પ્રાકૃતિક ખેતી, નેચરલ ફાર્મીંગ, અપનાવવું સમયની માંગ છે.

### ખૂણેખાંચરેથી

- દુબઈના પ્રવાસેથી પરત ફરેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આરામ કરવાનું ટાળ્યું હતુ અને તેમના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમમાં વ્યસ્ત થયા હતા. જો કે આજે એક્ઝિબીશન સેન્ટર ખાતેના કાર્યક્રમમાં તેઓ ૧ કલાક કરતા પણ મોડા આવ્યા હતા.
- આજે જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ બાળ સરંક્ષણ ગૃહની મુલાકાત લીધી હતી અને બાળકોને અપાતી સુવિધાઓની ચકાસણી કરી હતી.
- રવિવારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હેડ ક્લાર્કની યોજાનારી પરીક્ષાની તૈયારીમાં શહેરના યુવાનો લાગ્યા છે. શહેરમાં આજકાલ સ્પર્ધાત્મક પરીક્ષાઓનો માહોલ છવાયેલો છે.
- રોગી કલ્યાણ સમિતિની આજે મળેલ બેઠકમાં અધિક મુખ્ય સચિવને મુખ્ય સચિવ અને ધારાસભ્યને સાંસદ તરીકે દર્શાવવામાં આવ્યાનું ટ્રાયલમાં જ જણાતાં તાત્કાલિક સુધારાઓ કરાયા હતા.
- ગાંધીનગર શહેરની સેન્ટ્રલ વર્જનું રંગરોગાન કાર્ય ચાલી રહ્યું છે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આજે તેમના વિસ્તારના પ્રવાસે આવી રહ્યા છે અને તેઓ ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત લોકાર્પણના કાર્યક્રમોમાં હાજરી આપશે.
- વોર્ડ નં. ૧૦ના કાઉન્સીલરો આજે સે. ૧ અને સે. ૮ માં વસાહતીઓને મળશે અને મનપા દ્વારા અપાતી સેવાઓની જાણકારી આપશે તેમજ રજુઆતો સાંભળશે.
- ગાંધીનગર મનપા દ્વારા મિલ્કતેવારના સરળીકરણ માટે સોફ્ટવેર ડેવલપર્સ સાથે બેઠક કરવામાં આવી છે.

## સેક્ટર-૨૩ ચીપટાઈપ શોપીંગમાં દુકાન ધરાવતા વેપારીને જાનથી મારી નાખવાની ધમકી

### આરોપીઓએ જુની અદાવત રાખીને બે દિવસ પહેલા પણ દુકાનમાં તોડફોડ કરી હતી

ગાંધીનગર,તા.૧૦
ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ ખાતે આવેલી ચીપટાઈપ શોંપીગ સેન્ટરની દુકાનમાં તોડફોડ થઈ હતી. આ મામલે તપાસમાં ગયેલી પોલીસની હાજરીમાં ત્રણ વ્યકિતઓએ યુવક પર હુમલો કર્યો હતો. આ મારામારીમાં ફરીયાદી યુવકને માથાના ભાગે તેમજ હાથના ભાગે ઈજા પહોંચી હતી. આ શખ્સોએ જુની અદાવત રાખીનો બે દિવસ પહેલા ફરીયાદીની દુકાનમાં તોડફોડ કરી હતી. જે અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. અચાનક કરેલા હુમલા પ્રકરણમાં પણ ત્રણ શખ્સો સામે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નારાયણનગર સોસાયટી ખાતે રહેતા મિતેશ આત્મારામ રબારીની સેકટર-૨૩ ચીપટાઈપ શોંપીગ સેન્ટરમાં દુકાન નં-૬ આવેલી છે. તાજેતરમાં દુકાન પર પ્રદિપસિંહ જાડેજા સહિતના કેટલાક શખ્સોએ તોડફોડ કરી હતી. જે અંગે યુવકના પિતા આત્મારામ દેસાઈએ ફરીયાદ નોંધાવી હતી. ત્યારે ગુરુવારે બપોરના સમયે ગુનાની તપાસ કરનાર જમાદાર દિલિપભાઈને લઈને પોતાની કારમાં શોંપીગ સેન્ટરે આવ્યા હતા. જમાદાર અને તે કારમાં બેઠા હતા. તે સમયે એક સફેદ કલરની ક્રેટા ત્યાં આવી પહોંચી હતી. આ કારમાંથી ઉપરોક્ત શખ્સો લોખંડની પાઈપ સાથે નીચે ઉતરીને દેવાવાળી કરી હતી. પોલીસની હાજરીમાં બનાવ બનવા પામ્યો હતો. જમાદારને તપાસ માટે સાથે લઈને આવ્યો હોવાનું કહેવા છતા આ ઈશમો યુવક પર તુટી પડ્યા હતા. જેમાં યુવકને હાથ અને માથાના ભાગે ઈજા પહોંચી હતી. ઉલ્લેખનીય છે કે અભુ દેસાઈ સાથે મિતેશને ઉઘરાણી અંગે માથાકુટ થઈ હતી. જેને પગલે આ શખ્સોએ તને એકલાને જ છરી મારતા આવડે છે, તેમ કહી ગાંધીનગર છોડીને જતો રહેજે નહીતર તને અને તારા પરિવારને જીવતા છોડીશુ નહી તેમ કહી ધમકી આપી હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## અડાલજ પાસે ગાડીમાંથી દેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર,તા.૧૦
અડાલજ પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે સફેદ ફોર્ડ ઈકો સ્પોટર્સ કાર નં. જી.જે.૦૨.બી.પી.-૭૨૯૪ માંથી ૮૨૮ લીટર દેશી દારુ કિં.રૂ.૧૬,૫૬૦ તેમજ ગાડી કિં.૫ લાખ મળી કુલ રૂ.૫,૧૬,૫૬૦ નો મુદ્દામાલ સાથે આરોપી રૂપેશ રમેશ નટ (ઉં.૨૮ રહે. નટના છાપરા છારાનગર કાળી ગામ અમદાવાદ) સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ફેબ્રુઆરીમાં ગ્રહ તો નડે તેમ નથી... પણ ઓમિક્રોન વિષે હું કાંઈ કહી શકું નહી...!!!

## આજે સે. ૫ માં સ્વ. બિપીન રાવત સહિત શહીદોને શ્રધ્ધાંજલીનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૦
ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ સીડીએસ બિપીન રાવત અને તેમના ધર્મપત્નિ સહિત દેશના જાંબાઝ સૈન્ય અધિકારીઓ-જવાનોની હેલીકોપ્ટર દુર્ઘટનામાં મોત થવાની સર્જાયેલી કરૂણાંતિકાએ સમગ્ર દેશને હચમચાવી મુક્યો છે. દેશના બહાદુર ભારતમાતાના સપૂતો ગુમાવવાને કારણે દેશ આજે ગમગીન છે અને આ કરૂણાંતિકાના હતભાગી મૃતકોને શ્રદ્ધાંજલી આપવાના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. ગાંધીનગરમાં શહેર વસાહત મહાસંઘ દ્વારા પણ તા. ૧૧મી ડિસેમ્બર શનિવારે સાંજે ૫ કલાકે સેકટર-૫ ના શોપીંગ સેન્ટર સામે જાહેર બગીચા પાસે શ્રદ્ધાસુમન અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સ્વ. બિપીન રાવત અને તેમના ધર્મપત્નિ સહિત તમામ ૧૩ મૃતકોને મીણબત્તી પ્રગટાવીને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવશે. આ સાથે દેશભક્તિના ગીતો સાથે પુષ્પાંજલીનો કાર્યક્રમ પણ યોજાશે. આ કાર્યક્રમમાં વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા સહિત તમામ હોદ્દેદારો, વિવિધ વસાહત મંડળના પ્રમુખ-મંત્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા સે. ૫ ના વસાહતીઓને ભાગ લેવા આયોજકો દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સેકટર-૨૪ ખાતેથી વિદેશી દારૂની ૮૯ બોટલો ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૦
શહેરના સેકટર-૨૪ પોસ્ટલ કોલોની પાસેથી દારૂની ડીલીવરી આપવા જતા બે શખ્સોને પોલીસે રંગેહાથ પકડી પાડ્યા હતા.જયારે પોલીસ પુછપરછમાં તેમની પાસેથી વધુ ૮૯ બોટલ વિદેશી દારુ, મોબાઈલ મળી કુલ રૂ.૩૮ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સોની પકડી પાડી આગળની તપાસ આદરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન યજવેન્દ્રસિંહ કિરીટસિંહને ખાનગી રાહે બામતી મળી હતી કે ઐયુબ રહેમાન મનસુરી તેમજ કૃણાલ ઉર્ફે ચિન્ટુ પ્રવિણભાઈ રાજવંશી દારૂનો વેપલો કરે છે. પોલીસે તેઓને સેકટર-૨૪ ખાતે થી દબોચી લીધા હતા. પોલીસે નામ પુછતા ઐયુબ રહેમાન મન્સુરી (ઉં.૩૪ રહે. બ્લોક નં.૬૮-૮૯ શ્રીનગર), અને કૃણાલ ઉર્ફે ચિન્ટુ પ્રવિણભાઈ રાજવંશી (રહે. બ્લોક નં.૬૮-૨૫૨ શ્રીનગર સેકટર-૨૪) ને પકડી પાડ્યા હતા. પોલીસે બંન્ને અલગ રાખીને આ સિવાય બીજો વિદેશી દારૂનો જથ્થો છે કે કેમ ? અને તે ક્યાં સંતાડેલ છે ? તે અંગે પુછપરછ કરતા કૃણાલ ઉર્ફે ચિન્ટુએ પોતાના ઘેર દારુનો જથ્થો સંતાડેલ હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે ઘરમાં તપાસ કરતા પ્રથમ રૂમમાં પલંગ નીચે વિમલ લખેલા કપડાના થેલામાંથી ૮૮ બોટલ દારૂની મળી આવી હતી.

પોલીસે દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા હતા.તે અંગે પુછતા કોલવડાના રાવળ વાસ ખાતે રહેતા નરેશ રઈજી ભાઈ રાવળ પાસેથી લાવ્યા હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે રૂ.૩૫,૬૦૦ ની કિંમતની ૮૯ બોટલ દારૂ તેમજ રૂ.૨૫૦૦ ના ત્રણ મોબાઈલ મળી કુલ રૂ.૩૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી એકટ મુજબ શહેઆગળની તપાસ આદરી છે. જયારે આરોપી નરેશ રાવળ વોન્ટેડ છે. ગાંધીનગર શહેરના વિવિધ પોલીસ મથકમાં નરેશ રાવળ વિરુધ્ધ પ્રોહીના ગુના નોંધાયેલા છે.

## ગુજરાતમાં મતદાર જાગૃતિ માટે મેડલ વિજેતા ભાવિના પટેલની ‘સ્ટેટ આઈકોન’ તરીકે નિયુક્તિ

ગાંધીનગર, તા. ૧૦
ભારતના ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં દિવ્યાંગ જન મતદાર જાગૃતિ માટે ટોક્યો પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ તેમજ અર્જુન એવોર્ડ વિજેતા ગુજરાતી દિકરી ભાવિના પટેલની ‘સ્ટેટ આઈકોન’ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

ગુજરાતમાં દિવ્યાંગજનોમાં મતદાન અંગે વધુ જાગૃતિ આવે અને ચૂંટણી પ્રક્રિયામાં-મતદાનમાં તેમની સહભાગિતા વધે તેવા ઉદેશ્યથી ટોક્યો પેરાલિમ્પિકમાં પેરા ટેબલ ટેનિસમાં સિલ્વર મેડલ વિજેતા ભાવિનાબેન પટેલની “સ્ટેટ આઈકોન“ તરીકે પસંદગી કરવામાં આવી છે તેમ, મુખ્ય નિર્વાચન અધિકારી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.



## ટેકનોલોજી સાથે શિક્ષકોએ અપડેટ થઈ વિદ્યાર્થીઓને અપડેટ કરવા આવશ્યક : જીતુભાઈ વાઘાણી

### ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને જી.સી.ઇ.આર.ટી.ની ગવર્નિંગ બોડીની બેઠક યોજાઇ

આજે ગાંધીનગર ખાતે જી.સી.ઈ.આર.ટી.ના કેમ્પસ ખાતે શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષસ્થાને જી.સી.ઈ.આર.ટી.ની ગવર્નિંગ બોડીની બેઠક યોજાઈ હતી. શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ગવર્નિંગ બોડીના સભ્યોને સંબોધતા કહ્યુ કે, નિયમિત પણે વિકસતિ ટેકનોલોજી સાથે શિક્ષકોએ અપડેટ થઈ વિદ્યાર્થીઓને અપડેટ કરવા આવશ્યક છે.

શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યુ કે, દિવસે દિવસે વિકસતી ટેકનોલોજી આપણા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગઈ છે. ત્યારે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળી ટેકનોલોજીનો યોગ્ય દિશામાં મહત્તમ ઉપયોગ કરી અપડેટ થઈ શકે છે. શિક્ષણની પદ્ધતિ ક્યારેય એક સરખી હોતી નથી એ સમય સાથે બદલાતી રહે છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ પણ સમય સાથે ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ. આ હેતુ શિક્ષકો માટે યોગ્ય તાલીમનું આયોજન કરવા પણ સૂચન કર્યુ હતુ.

મંત્રીશ્રી વાઘાણીએ બાયસેગના માધ્યમથી પ્રાથમિક શાળાઓમાં પ્રસારિત થતા કાર્યક્રમોની સમીક્ષા કરી હતી. વંદે ગુજરાત ચેનલ્સ દ્વારા પ્રસારિત શૈક્ષણિક કાર્યક્રમો બાળકોને ઘરે સઘન અભ્યાસ કરવા માટેના શિક્ષણની ઉત્તમ વ્યવસ્થા પૂરી પાડે છે. ત્યારે આ કાર્યક્રમોને વધુને વધુ વિદ્યાર્થીરસિક બનાવવા સંદર્ભે પણ સૂચનો કર્યા હતા.




જી.સી.ઈ.આર.ટી.ના નિયામકશ્રી ટી.એસ.જોષીએ પ્રેઝન્ટેશન દ્વારા જી.સી.ઈ.આર.ટી.એ કરેલા કામોની રૂપરેખા આપી હતી. તેમણે જી.સી.ઈ.આર.ટી. રીસ્ટ્રક્ચરિંગ અને સ્કૂલ લિડરશીપ એકેડમી સંદર્ભે પણ વિસ્તૃત માહિતી આપી હતી.

આ બેઠકમાં શિક્ષણ વિભાગ હેઠળની વિવિધ કચેરીઓના નિયામકશ્રીઓ અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાદરા સંકુલ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦
ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સેનાના ત્રણેય પાંખના વડા સ્વ. બિપિન રાવત અને શહીદો વીરગતિ પામ્યા છે, તેમને મૌન પાળીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ગુજરાતીના અધ્યાપક બળદેવભાઈ મોરીએ સમગ્ર દુર્ઘટનાની વાત કરી હતી. ડૉ. દિવ્યેશ ભટ્ટે ઘટના વિશે ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમ સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુંએ આયોજન કર્યું હતું.

WASMO
**જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, હિંમતનગર**
**જાહેર નિવિદા નંબર-૧૩ સને ૨૦૨૧-૨૨**

યુનિટ મેનેજરશ્રી જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, ત્રીજો માળ, જલ ભવન, નવા સર્કિટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર દ્વારા એજન્સીઓ પાસેથી સાબરકાંઠા જીલ્લાની પાણી સમિતિની લોકભાગીદારીથી હાથ ધરવાની થતી યોજનાઓમાં બોર સોલર સીસ્ટમ સાથે, ભુગર્ભ સંપ, પી.વી.સી. પાઈપ ખરીદી અને મજૂરી કામ, ઘરજોડાણ, પંપીંગ મશીનરીના કામોના ટેન્ડર ‘ઈ’ ટેન્ડરીંગ પદ્ધતિથી માંગવામાં આવે છે. જેના ટેન્ડર આઈ.ડી. નં. ૪૯૪૮૯૨ (બીજો પ્રયત્ન), ૪૯૪૮૯૫ (બીજો પ્રયત્ન), ૪૯૪૮૯૮ (ચોથા પ્રયત્ન), ૪૯૪૯૨૨ (પાંચમો પ્રયત્ન), ૪૯૪૯૧૭ (ચોથો પ્રયત્ન) ૪૯૪૯૧૮ (ચોથા પ્રયત્ન), ૪૯૪૯૨૨ (પાંચમો પ્રયત્ન), ૪૯૪૯૨૬ (પાંચમો પ્રયત્ન), ૪૯૪૯૨૯ (બીજો પ્રયત્ન), ૪૯૪૯૩૨ (ત્રીજો પ્રયત્ન), ૪૯૪૯૩૪ (ચોથો પ્રયત્ન) ૪૯૪૯૩૫ (બીજો પ્રયત્ન) ભાવો ભરવાની છેલ્લી તા. ૧૮/૧૨/૨૦૧, ૧૮.૦૦ કલાક સુધી છે. તેમજ ટેન્ડરના ફીઝીકલ દસ્તાવેજો તા. ૨૦/૧૨/૨૦૨૧ને સમય : ૧૫.૦૦ કલાક સુધી આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયર કચેરીમાં પહોંચાડવાના રહેશે. આ કામોની અંદાજીત કિંમત ૧૭.૩૭ થી ૧૮૦.૧૩ લાખ સુધીના છે. ઉક્ત કામો માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આફયા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર સંબંધિત ગામની પાણી સમિતિને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી http://wasmo.nprocure.com ઉપર મુકવામાં આવે છે. વિસ્તૃત વિગતો માટે કચેરી સમય દરમિયાન યુનિટ મેનેજરશ્રી જિલ્લા જળ અને સ્વછતા એકમ, બાયપાસ રોડ, હિંમતનગર મો. - ૮૧૪૧૩૯૬૧૧૫ પાસેથી મેળવી શકાશે. હવે પછીના જોઈ સુધારા હશે તો વેબસાઈટ ઉપર જોવા મળશે.

ગ્રામ્ય વિસ્તારના પાણીને લગતા કોઈપણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઈન નં.૧૯૧૬નો સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૪૫૩/૨૦૨૧